અપીલ અરજી નં.૧૫૬ તા.૧–૭–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નિર્મલ બી. ઈંગલે
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિર્મલ બી. ઈંગલે તા.૧૧–૫–૧૧ ની અરજીથી ઉધના દેનાબેંકની બાજુમાં આવેલ મનભાવન સ્વીટસમાં થયેલ બાંધકામની મંજુરીની માહિતી આપવા બાબત.
સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૧–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૫૬/૨૦૧૧–૧૨

શ્રી નિર્મલ બી. ઈંગલે તા.૧૧–૫–૧૧ ની અરજીથી ઉધના દેનાબેંકની બાજુમાં આવેલ મનભાવન સ્વીટસમાં થયેલ બાંધકામની મંજુરીની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૭–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૭૯ તા.૧૪–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતીની પૂરી વિગત રજૂ કરેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૧–૫–૧૧ ની અરજીથી ઉધના દેના બેંકની બાજુમાં આવેલ મનભાવન સ્વીટસના બાંધકામો મંજુરીનો સંપૂર્ણ વિગતવાર માહિતી આપવી. કયા અધિકારીઓ ધ્વારા પ્લાન પાસ કરાવવામાં આવ્યો છે તેમનું નામ અને સંપર્ક નંબર આપવો. બાંધકામની રજાચિઠ્ઠી અને માર્જીનની સંપૂર્ણ વિગતો આપવી. બાંધકામ પૂર્વે મંજુરી મેળવવા મનભાવન સ્વીટસ ધ્વારા જે જરૂરી પુરાવા રજૂ કરવામાં આવ્યા હોય તેની નકલો આપવા બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૭૬ તા.૧૫–૬–૧૧ થી " ઉધના દેનાબેંકની બાજુમાં આવેલ મનભાવન સ્વીટવાળી મિલ્કતના બાંધકામની મંજુરી અંગેની વિગત હાલ ઉધનાઝોન ખાતે ઉપલબ્ધ જણાતી નથી. તેવું જણાવેલ છે. જે અંગે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાનું જણાવી અરજદારે તા.૧–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સા.ઝોન/ટેક./૧૫–૬–૧૧ થી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેથી અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. પરંતુ અરજદારને માહિતી મળેલ ન હોવાનું જણાય છે. તેથી અરજદારને પુનઃ તેની નકલ પૂરી પાડવી રહે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૧/૫/૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેથી અપીલ અરજી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. પરંતુ અરજદારે અપીલ તબકકે માહિતી નહીં મળ્યાની રજૂઆતને ધ્યાને લઈ સદર માહિતીની નકલ અરજદારને પુનઃ દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નિર્મલ બી. ઈંગલે ,